ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ, મુન્દ્રા રોડ, ફોન (૦૨૮૩૨) ૨૩૫૦૦૨
ભૂજ–કચ્છ – ૩૭૦૦૦૧
Email:- registrar.kskvku@gmail.com web: www.kskvku.ac.in

રેફ.નં.: કયુ/ બી.ઓ.એમ.–ઈ.સી.–મિનિટ્સ–/ ૨૦૨૫/ 575 તા:– ૧૫/૦૪/૨૦૨૫

પ્રતિશ્રી,

બોર્ડ ઓફ મેનેજમેન્ટના તમામ સભ્યશ્રીઓ,
એકિઝકયુટીવ કાઉન્સિલના તમામ સભ્યશ્રીઓ,
કચ્છ યુનિવર્સિટી, ભૂજ–કચ્છ.

**વિષય:–** બોર્ડ ઓફ મેનેજમેન્ટ તથા એકિઝકયુટીવ કાઉન્સિલની તા.૦૪/૦૪/૨૦૨૫ ના રોજ મળેલ સંયુકત મિટીગની મિનિટ્સ મોકલવા બાબત.

માનનીયશ્રી,

સવિનય ઉપરોકત વિષયે જણાવવાનું કે, બોર્ડ ઓફ મેનેજમેન્ટ તથા એકિઝકયુટીવ કાઉન્સિલની માનનીય કુલપતિશ્રીના અઘ્યક્ષ સ્થાને તા. ૦૪/૦૪/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ સંયુકત મિટીગની મિનિટ્સ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે. જે આપના ઘ્યાને લેવા વિનંતી.

આભાર સહ

કા.કુલસચિવ

બિડાણ :– મિટીગની મિનિટ્સ

નકલ રવાના :–

૧. સંબંધિત વિભાગો તરફ યોગ્ય કાર્યવાહિ અર્થે.
૨. સંબંધિત ફાઈલે.

ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

તા. ૦૪/૦૪/૨૦૨૫ના રોજ ૧૧:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ બોર્ડ ઓફ મેનેજમેન્ટ તથા એકિઝકયુટીવ કાઉન્સિલની સંયુકત મિટીગની મિનિટ્સ નોંધ

આજ રોજ તા.૦૪/૦૪/૨૦૨૫ ના ૧૧:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે માનનીય કુલપતિશ્રીની અધ્યક્ષતામાં બોર્ડ ઓફ મેનેજમેન્ટ તથા એકિઝકયુટીવ કાઉન્સિલની સંયુકત મિટીગ મળેલ જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.

<u>બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યશ્રીઓની યાદી</u>

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હોદ્દો | હાજર/ ગેર હાજર |
|---|---|---|---|
| ૧. | ડૉ. મોહનભાઈ પટેલ<br>માનનીય કુલપતિશ્રી,<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | અધ્યક્ષશ્રી | હાજર |
| ૨. | ડૉ. મનોજભાઈ સોલંકી<br>પ્રતિષ્ઠિત વ્યકિતશ્રી<br>શ્રી રામકિષ્ણ ટ્રસ્ટ, કુકમા – કચ્છ | સભ્યશ્રી | ગેર હાજર |
| ૩. | પ્રો.(ડૉ) પી. એસ. હિરાણી<br>અધ્યક્ષશ્રી, ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | હાજર |
| ૪. | પ્રો.(ડૉ) ડી. એમ. બકરાણીયા<br>ડીનશ્રી, ફેકલ્ટી ઓફ એજયુકેશન,<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | હાજર |
| ૫. | ડૉ. કલ્પનાબેન સતીજા<br>ડીનશ્રી, ફેકલ્ટી ઓફ આર્ટ્સ<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | હાજર |
| ૬. | ખાલી<br>..............................<br>સંલગ્ન કોલેજના ડિપાર્ટમેન્ટ અધ્યક્ષશ્રી | સભ્યશ્રી | ખાલી |
| ૭. | ડૉ. પંકજ ઠાકર<br>આસી. પ્રોફેસરશ્રી, ડિપાર્ટમેન્ટ ઓફ સંસ્કૃત,<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ | સભ્યશ્રી | હાજર |
| ૮. | ડૉ. મનીષાબેન બારડ<br>આસી. પ્રોફેસરશ્રી, ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ,<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ | સભ્યશ્રી | હાજર |

| | | | |
|---|---|---|---|
| ૯. | ખાલી<br>................................<br>સંલગ્ન કોલેજના અધ્યાપકશ્રી | સભ્યશ્રી | ખાલી |
| ૧૦. | ખાલી<br>................................<br>સંલગ્ન કોલેજના અધ્યાપકશ્રી | સભ્યશ્રી | ખાલી |
| ૧૧. | શ્રી કેસરાભાઈ આર. પિંડોરીયા<br>ટ્રસ્ટીશ્રી, | સભ્યશ્રી | હાજર |
| ૧૨. | શ્રી કિરણભાઈ બી. આહિર<br>ટ્રસ્ટીશ્રી, | સભ્યશ્રી | ઓનલાઈન હાજર |
| ૧૩. | શ્રી રામભાઈ ગઢવી<br>નોંધાયેલ સ્નાતક | સભ્યશ્રી | હાજર |
| ૧૪. | શ્રી કાન્તાબેન સોલંકી<br>નોંધાયેલ સ્નાતક | સભ્યશ્રી | હાજર |
| ૧૫. | પ્રો. (ડૉ.) વિજય વ્યાસ<br>એકેડમિક કાઉન્સિલના સભ્યશ્રી | સભ્યશ્રી | હાજર |
| ૧૬. | ડૉ. સી. એસ. ઝાલા<br>એકેડમિક કાઉન્સિલના સભ્યશ્રી | સભ્યશ્રી | હાજર |
| ૧૭. | પ્રો. (ડૉ.) મહેશ ઠક્કર<br>ડાયરેકટરશ્રી,<br>બી.એસ.આઈ.પી. (લખનઉ) | સભ્યશ્રી | ગેર હાજર |
| ૧૮. | ડૉ. તેજલકુમાર શેઠ<br>કાર્યકારી કુલસચિવ<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | મેમ્બર<br>સેક્રેટરીશ્રી | હાજર |

<u>એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની યાદી</u>

| **ક્રમ** | **સભ્યશ્રીનું નામ** | **હોદ્દો** | **હાજર/ ગેર હાજર** |
|---|---|---|---|
| ૧. | ડૉ. મોહનભાઈ પટેલ<br>માનનીય કુલપતિશ્રી<br>કચ્છ યુનિવર્સિટી | અધ્યક્ષ | હાજર |
| ૨. | ડૉ. તેજલકુમાર શેઠ<br>કાર્યકારી કુલસચિવશ્રી<br>કચ્છ યુનિવર્સિટી | મેમ્બર<br>સેક્રેટરીશ્રી | હાજર |
| ૩. | ડૉ. તેજલકુમાર શેઠ<br>પરીક્ષા નિયામકશ્રી<br>કચ્છ યુનિવર્સિટી | સભ્યશ્રી | હાજર |
| ૪. | ખાલી<br>..............................<br>ફાયનાન્સ એન્ડ એકાઉન્ટ ઓફિસર | સભ્યશ્રી | ખાલી |
| ૫. | પ્રો.(ડૉ.) પી. એસ. હિરાણી<br>અધ્યક્ષશ્રી, ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ<br>કચ્છ યુનિવર્સિટી | સભ્યશ્રી | હાજર |

| | | | |
|---|---|---|---|
| ૬. | પ્રો.(ડૉ.) કશ્યપ ત્રિવેદી<br>અધ્યક્ષશ્રી, ડિપાર્ટમેન્ટ ઓફ સંસ્કૃત<br>કચ્છ યુનિવર્સિટી | સભ્યશ્રી | હાજર |
| ૭. | ખાલી<br>...........................<br>અધ્યક્ષશ્રી, | સભ્યશ્રી | ખાલી |
| ૮. | ડૉ. મનીષ પંડયા<br>આચાર્યશ્રી, તોલાણી કોમર્સ કોલેજ | સભ્યશ્રી | હાજર |
| ૯. | ખાલી<br>...........................<br>આચાર્યશ્રી | સભ્યશ્રી | ખાલી |
| ૧૦. | ખાલી<br>...........................<br>આચાર્યશ્રી | સભ્યશ્રી | ખાલી |
| ૧૧. | ખાલી<br>...........................<br>આચાર્યશ્રી | સભ્યશ્રી | ખાલી |
| ૧૨. | ડૉ. જે. જે. ભટ્ટ<br>એસો. પ્રોફેસર, ડિપાર્ટમેન્ટ ઓફ કેમેસ્ટ્રી, કચ્છ યુનિવર્સિટી | સભ્યશ્રી | હાજર |
| ૧૩. | ડૉ. શીતલ બાટી<br>આસી. પ્રોફેસર, ડિપાર્ટમેન્ટ ઓફ મેનેજમેન્ટ સ્ટડિઝ,કચ્છ યુનિવર્સિટી | સભ્યશ્રી | હાજર |
| ૧૪. | ડૉ. જે. એમ. પટેલ<br>અધ્યાપકશ્રી,<br>આર. આર. લાલન કોલેજ, ભૂજ | સભ્યશ્રી | હાજર |
| ૧૫. | ડૉ. કમલ ખારેચા<br>અધ્યાપકશ્રી,<br>તોલાણી કોમર્સ કોલેજ, આદિપુર | સભ્યશ્રી | હાજર |
| ૧૬. | ખાલી<br>.............................<br>અધ્યાપકશ્રી | સભ્યશ્રી | ખાલી |
| ૧૭. | ખાલી<br>.............................<br>અધ્યાપકશ્રી | સભ્યશ્રી | ખાલી |
| ૧૮. | શ્રી અક્ષયભાઈ રાજેન્દ્રભાઈ ઠક્કર<br>પ્રતિષ્ઠિત વ્યકિત,<br>સરકારશ્રીના પ્રતિનીધિ, ગુ.રા. | સભ્યશ્રી | હાજર |
| ૧૯. | શ્રી રાજેન્દ્રસિંહ હકુમતસિંહ જાડેજા<br>પ્રતિષ્ઠિત વ્યકિત,<br>સરકારશ્રીના પ્રતિનીધિ, ગુ.રા. | સભ્યશ્રી | હાજર |
| ૨૦. | ડૉ. કલ્પેશભાઈ ધનજીભાઈ સોરઠિયા<br>પ્રતિષ્ઠિત વ્યકિત,<br>સરકારશ્રીના પ્રતિનીધિ, ગુ.રા. | સભ્યશ્રી | હાજર |

| | | | |
|---|---|---|---|
| ૨૧. | શ્રીમતી રેશ્માબેન જીતેન્દ્રભાઈ ઝવેરી<br>પ્રતિષ્ઠિત વ્યક્તિ,<br>સરકારશ્રીના પ્રતિનીધિ, ગુ.રા. | સભ્યશ્રી | હાજર |
| ૨૨. | શ્રી મહેશ પુજ<br>સભ્યશ્રી, GCCI | સભ્યશ્રી | ગેર હાજર |

**કાર્યસૂચીઃ**

૧. તા.૧૮/૧૧/૨૦૨૪ ના રોજ મળેલ બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભાના ઠરાવ નં.૧૯ થી ચાર સભ્યશ્રીઓની એક સમિતિની રચના કરવામાં આવેલ. સમિતીએ વર્ગ–૪ના કર્મચારી તથા ડ્રાઈવરના ફુલ પગાર આપવા સબબ અહેવાલ તથા શરતો તૌયાર કરેલ છે જે બાબતે ચર્ચા–વિચારણા અને નિર્ણય.

**ઠરાવ નં. ૧** વર્ગ–૪ તથા ડ્રાઈવર કેડરના કર્મચારીઓના પગાર વધારા સબબ આ અસાધારણ સભા બોલાવવામાં આવેલ છે. તા.૧૮/૧૧/૨૦૨૪ ના રોજ મળેલ બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભાના ઠરાવ નં.૧૯ થી ૧)ડૉ.મનોજભાઈ સોલંકી, ૨) શ્રી કિરણભાઈ આહિર, ૩) શ્રી રામભાઈ ગઢવી, ૪) શ્રી અનીમેષભાઈ મોદી એમ કુલ ચાર સભ્યશ્રીઓની એક સમિતીની રચના કરવામાં આવેલ છે. આ સમિતીએ કર્મચારીઓને ફુલ પે આપવા સંબંધિત અહેવાલ તથા શરતો તૈયાર કરેલ છે. જેની વિગતો નીચે મુજબ છે. સભામાં સર્વેને આ બાબતે સમિતીના બે સભ્યશ્રીઓએ માહિતગાર કરેલ. જેમાં પ્રથમ શ્રી કિરણભાઈ આહિર અને ત્યાર બાદ શ્રી રામભાઈ ગઢવીએ વિગતવાર માહિતી આપેલ.

**<u>સમિતીના અહેવાલ અનુસાર લાભો તથા શરતો નીચે મુજબ છે.</u>**

૧. હકક રજાના લાભ (ઈ.એલ.) તા.૦૧/૦૧/૨૦૨૫થી મળવાપાત્ર રહેશે.

૨. મેડિકલ રજાના લાભો મળવાપાત્ર થશે.

૩. ઈ.પી.એફ. હાલમાં કપાત ચાલુ છે. તા.૦૧/૦૧/૨૦૨૫ થી મળવાપાત્ર રહેશે.

૪. નિવૃત્તિ બાદ સરકારશ્રીના નિયમ અનુસાર ૩૦૦ રજાના પગારના લાભ તા.૦૧/૦૧/૨૦૨૫ થી મળવાપાત્ર રહેશે.

૫. ગ્રેજ્યુટીના લાભ જોડાયા તારીખથી મળવાપાત્ર રહેશે.

૬. એરીયર્સની રકમ ચુકવવા પાત્ર થશે નહિ.

૭. નોકરીની સિકયોરીટી સંદર્ભે તા.૦૧/૦૧/૨૦૨૫ થી આ શરતો હેઠળના કર્મચારીઓ યુનિવર્સિટીનાં કર્મચારીઓ ગણાશે. રાજય સરકારના નહિ.

૮. ઉપરોકત તમામ લાભો કોર્ટ કેસ પરત ખેંચવાની શરતે આપવાના રહેશે.

વધુમાં જણાવવામાં આવેલ કે, વર્ગ–૪ તથા ડ્રાઈવર કક્ષાના તમામ કર્મચારીઓ સાથે વખતો–વખત મિટીંગો કરેલ અને સમિતી મારફતે નકકી કરવામાં આવેલ આ લાભો તથા શરતોની જાણ કરવામાં આવેલ છે. વર્ગ–૪ના –૧૩ કર્મચારી તથા ડ્રાઈવર–૦૩ એક કુલ ૧૬ કર્મચારીઓ પૈકી ૧૫ કર્મચારીઓએ સહમતી બતાવેલ છે.

પગાર સમિતીના સભ્યશ્રીએ યુનિવર્સિટીની આવક અને ખર્ચની વિગતો બાબતે સર્વે સભ્યશ્રીઓને માહિતગાર કર્યા. આવકના સંદર્ભમાં એફિલીએશન ફી વધારો કરવામાં આવેલ છે જે આવક વધશે, QPDS પરીક્ષાની આવક, સ્વભંડોળની એફ.ડી. ઉંચા વ્યાજે મુકતાં તે વ્યાજની રકમની આવક વધશે. જેનાથી આપણે કર્મચારીઓને પૂરો પગાર આપી શકીએ તેમ છીએ.

આ બાબત સભા સમક્ષ મુકાતા તેના પર નીચ મુજબના મુદ્દાઓએ વિસ્તૃત ચર્ચા થયેલ.

- કાયદાકિય અને નાણાંકિય બે બાબતોએ આ કિસ્સાને વિચારવો જોઈએ અને ચર્ચા થવી જોઈએ.
- જેના માટે નાણાંકિય જોગવાઈઓ અને sourceની વિગતે માહિતી આપવી જોઈએ.
- QPDS થી આવક થશે એ બાબતે – QPDS થી પરીક્ષાનો ખર્ચ ઘટશે અને યુનિવર્સિટીને આવક થશે તે હિસાબ કર્યા પછી જ સ્પષ્ટતા મળે.
- આવકના સંદર્ભમાં લાંબા સમયથી ફીઓમાં વધારો કરેલ ન હોઈ, તો યુનિવર્સિટી પ્રવેશ ફી પરીક્ષા ફી વગેરે ફી ઓ માં વધારો કરી શકે કે કેમ ?
- ઉકત બાબતે એકટ–૨૦૨૩ ની કલમ ૫(૩૪) to make arrangements for promoting welfare of the employees of the university; ની જોગવાઈ હેઠળ આવતા "welfare" શબ્દની વાત કરેલ. જે સંદર્ભે "welfare" શબ્દનો અર્થ "વીમો, મેડિકલેમ, સ્પોર્ટસ વગેરે જેવી સુવિધાઓ આપવાનો થાય છે." તેવો અભિપ્રાય મળેલ છે.
- કર્મચારીઓને કાયમી કરવા સંબંધિત એકટ કે સ્ટેચ્યુટ્સમાં કોઈ જોગવાઈઓ છે ? હોય તો તે રજૂ કરવા જણાવેલ છે.
- સમિતીના અહેવાલ અનુસાર કેસ પરત ખેંચવાની શરત મુકાયેલ છે તો તે અનુસંધાને – જે પાંચ કર્મચારીઓ કે જેઓને, આસીસટન્ટ રજીસ્ટ્રાર તથા સેકશન ઓફિસર તરીકે કાયમી નિમણૂંક આપેલ છે અને તેઓ હાલમાં તે અનુસારનો ફુલ પે મેળવે છે. આવા પાંચ કર્મચારીઓએ કેસ હજુ પરત ખેંચેલ નથી. તો અન્ય તે સિવાયના કર્મચારીઓને કેસ પરત ખેંચવાની શરત શા માટે મુકવામાં આવેલ છે ? દરેક માટે સમાન નીતિ હોવી જોઈએ.
- વધારો તમામ કેડરના કર્મચારીઓનો એક સાથે જ કરવો જોઈએ.
- કર્મચારીઓને એમની રજૂઆતની તક મળવી જોઈએ અને ત્યાર બાદ સૌ સભ્યશ્રીઓએ સાથે મળી આ બાબતે નિર્ણય કરવો જોઈએ.
- વર્ગ–૪ તથા ડ્રાઈવરના સંદર્ભમાં તે કેડરની ભરતી ઓઉટ સોર્સિંગથી કરવાનો સરકારશ્રીનો નિયમ છે અને તે રીતે કરવા જણાવેલ છે. તો યુનિવર્સિટી તેઓને કાયમી કરી શકશે ?
- સભ્યશ્રીઓ દ્વારા એજન્ડા તથા તેને લગતી તમામ વિગતો આધાર સાથે અભ્યાસ માટે મોકલવા સૂચન કરવામાં આવેલ છે.
- મિટીગ પહેલા સભ્યશ્રીઓને ટેલિફોનીક જાણ કરવા સૂચન કરવામાં આવેલ છે.

**લાંબી ચર્ચા–વિચારણાના અંતે આ મુદ્દો અનિર્ણત રહેલ છે. સદર મિટીગ સ્થગિત રાખવાનું નકકી કરવામાં આવ્યું. ઉકત મુદ્દા સંબંધિત તમામ વિગતો / આધારો મોકલ્યા બાદ પુનઃ સભા બોલાવી સંયુકત ચર્ચા અને નિર્ણય કરવાનું નકકી કરવામાં આવ્યું.**

(signature)

**કા.કુલસચિવ**